

આઈ.કે.ડી.આર.સી. - આઈ.ટી.એસ.

# કિડની સમાચાર

વોલ્યુમ : ૨૩ નંબર : ૧ જાન્યુઆરી : ૨૦૧૫

શ્રીમતી ગુલાબબેન રસિકલાલ દોશી
અને
શ્રીમતી કમલાબેન મફતલાલ મહેતા
ઈન્સ્ટીટ્યુટ ઓફ કિડની ડિસીસીઝ
એન્ડ રીસર્ચ સેન્ટર

ડૉ. એચ. એલ. ત્રિવેદી
ઈન્સ્ટીટ્યુટ ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન
સાયન્સીઝ

સંપાદકીય સમિતિ
ડૉ. હરગોવિંદ એલ. ત્રિવેદી
ડૉ. વીણા શાહ
શ્રી માધવ રામાનુજ
ડૉ. અરુણા વણીકર
ડૉ. પંકજ શાહ
સુશ્રી જ્યોત્સ્ના સુથાર



"સંબંધો ભલે થોડા રાખો, પણ એવા રાખો કે
હૈયે હરખની હેલી ચડે,
મોતના મુખમાંથી જિંદગી વરસી પડે અને
મૃત્યુ બાદ સ્મશાનની રાખ પણ રડી પડે"

## કિડની ઈન્સ્ટીટ્યુટના ૩૪મા સ્થાપના દિનની ઉજવણી

નવરાત્રીનો નવમો દિવસ એટલે કિડની ઈન્સ્ટીટ્યુટનો સ્થાપના દિન. આ વર્ષે કિડની ઈન્સ્ટીટ્યુટે ૩૩ વર્ષ પુરા કરીને ૩૪માં વર્ષમાં પદાર્પણ કર્યું. તે નિમિત્તે લેબોરેટરી વિભાગ સંસ્થાના પ્રાંગણમાં જ નિર્મિત અત્યાધુનિક સંકુલમાં ખસેડવામાં આવ્યો. આ નવા સંકુલનું લોકાર્પણ ગુજરાત રાજ્યના આરોગ્યમંત્રી મા. શ્રી નિતિનભાઈ પટેલ તથા પૂર્વસાંસદ (રાજ્યસભા) તથા ચેરમેન, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ મા. શ્રી જયંતિલાલ બારોટના વરદ હસ્તે તા. ૩૦-૧૦-૨૦૧૪ના રોજ કરવામાં આવ્યું. હવે લેબોરેટરીમાં ઈલેક્ટ્રોન માઈક્રોસ્કોપની સગવડ તથા કલાકે ૨૦૦ લોહીના રીપોર્ટની તપાસ ઊભી થતાં આ વિભાગ ખરા અર્થે અત્યાધુનિક થયો છે. તદ્ઉપરાંત હોસ્પિટલને સંપૂર્ણ કોમ્પ્યુટરાઈઝ કરીને "પેપરલેસ" સુવિધા તરફનું પગલું લેવામાં આવ્યું છે.



લેબોરેટરી વિભાગના લોકાર્પણ કાર્યક્રમ નિમિત્તે આવેલ અતિથી આરોગ્ય મંત્રી મા. શ્રી નિતિનભાઈ પટેલ તથા પૂર્વસાંસદ (રાજ્યસભા) મા. શ્રી જયંતિલાલ બારોટ, સંસ્થાના નિયામકશ્રી ડૉ. એચ.એલ. ત્રિવેદી સાહેબ, શ્રીમતી સુનિતાબેન ત્રિવેદી, શ્રી માધવભાઈ રામાનુજ તથા ડૉ. અરૂણા વણીકર


## આઈ.સી.યુ. ઓન વ્હીલ્સની ભેટ




સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, અમદાવાદ તરફથી સંસ્થાને આઈ.સી.યુ. ઓન વ્હીલ્સની ભેટ તા. ૧૮-૧૦-૨૦૧૪ના રોજ આપવામાં આવી.

## વર્ષના અંતની ઉજવણી

દર વર્ષની જેમ આ વર્ષે પણ ૩૧મી, ડિસેમ્બરની સાંજે આખા વર્ષના લેખાજોખા દરેક વિભાગ તરફથી નિયામકશ્રી ડૉ. એચ. એલ. ત્રિવેદી સાહેબ સમક્ષ મુકવામાં આવ્યા. એકંદરે બધા જ વિભાગોનો વિકાસ તથા કાર્યક્ષેત્ર ખૂબ જ સંતોષકારક જણાયો. આ વર્ષના શ્રેષ્ઠ કર્મચારીનું માન હિમોડાયાલીસીસ વિભાગના પરીચારિકા સીસ્ટર કેરોલ શાહને આપવામાં આવ્યું. આ સન્માનમાં તેમને નિયામકશ્રી ડૉ. એચ. એલ. ત્રિવેદી સાહેબ તથા શ્રીમતી સુનિતાબેન ત્રિવેદીના વરદ હસ્તે શાલ, સન્માનપત્ર તથા રૂા. ૧૧૦૦૦/-નો પુરસ્કાર આપવામાં આવ્યો.



ડૉ. ત્રિવેદી સાહેબ સીસ્ટર કેરોલ શાહની સેવાઓને બિરદાવતા

કાર્યક્રમના અંતે Indexed Journal માં બધા સ્ટાફ સભ્યો અને રેસીડન્સ ડૉક્ટરોએ તેઓના પેપરો પ્રકાશિત કરેલા અથવા તો વિવિધ સામયિકોએ સમીક્ષા કરેલા લેખો માટે તેઓને રોકડ ઈનામથી નવાજવામાં આવ્યા. આ વર્ષે બધા વિભાગના થઈને ૫૬ પ્રકાશનો થયા. ડૉ. વિવેક કુટેને સૌથી મોટુ ઈનામ રૂા. ૭૦,૦૦૦/– ૯ પ્રકાશનો માટે મળ્યું.

### આંતરરાષ્ટ્રીય પરિષદ - ટ્રાન્સપ્લાન્ટેશન અપડેટ - ૨૦૧૫નું સફળ આયોજન

પ્રતિવર્ષની જેમ આ વર્ષે કિડની ઈન્સ્ટીટ્યુટમાં તા. ૯, ૧૦, ૧૧ જાન્યુઆરી ૨૦૧૫ દરમિયાન ચૌદમું આંતરરાષ્ટ્રીય પ્રત્યારોપણ અપડેટ સંમેલન યોજાયું. આ સંમેલનમાં દેશ–વિદેશના ૨૫૦ જેટલા આ ક્ષેત્રના વિજ્ઞાનીઓ અને ડૉક્ટરોએ ભાગ લીધો. જેમાં જાપાનના પ્રો. સિમોન સાકાગૂચી, ઉપરાંત પંદર જેટલા દેશોના સંશોધકો તથા ડૉક્ટરો પધાર્યા હતા. આ દેશો હતા : ઓસ્ટ્રેલિયા, બ્રુનાઈ, બાંગ્લાદેશ, કેમરૂન, ક્રોએસિયા, જાપાન, થાઈલેન્ડ, મોરેશિયસ, નેપાળ, નાઈઝીરીયા, સિંગાપુર, ટ્યુનિશ્યા તથા અમેરિકા.

સંમેલનમાં તા. ૧૦ જાન્યુઆરીના સાંજે ૭–૦૦ વાગે આંતરરાષ્ટ્રીય એવોર્ડથી સન્માનવાનો કાર્યક્રમ પણ યોજાયો. જેમાં

(૧) મહર્ષિ સુશ્રુત જ્ઞાનપીઠ સન્માન : ક્યોટો યુનિવર્સિટી જાપાનના પ્રો. સિમોન સાકાગૂચીને તેમના ટી–રેગ્યુલેટરી સેલ તથા દવા વિનાના પ્રત્યારોપણ વિષેના સંશોધન માટે સન્માનીત કરવામાં આવ્યા. આ સન્માનમાં સન્માનપત્ર, શાલ તથા રૂા. ૩,૦૦,૦૦૦/–નું ઈનામ આપવામાં આવ્યું.

(૨) ડૉ. એચ. એલ. ત્રિવેદી એવોર્ડ ફોર ડેવલોપમેન્ટ ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન ઈન ડેવલોપીંગ કન્ટ્રીઝ–વિકાસશીલ દેશોમાં પ્રત્યારોપણના વિકાસ માટે : ટ્યુનિશિયાના પ્રો. અબ્દર રહિમ એઝેદદીનને આ એવોર્ડ એનાયત થયો. આ એવોર્ડમાં શાલ તથા રૂા. ૧,૦૦,૦૦૦/–નું ઈનામ આપવામાં આવ્યું.

(૩) નવી પેઢીના યુવા તજજ્ઞો તથા વૈજ્ઞાનિકોને પ્રોત્સાહિત કરવા સંશોધન ક્ષેત્રના વિશેષ એવોર્ડ બે વિભાગમાં ૧૪ વિજ્ઞાનીઓ તથા ડૉક્ટરોને એનાયત થયા. આ માટેના નિર્ણાયકપંચના વિશેષ તજજ્ઞો હતા મિનિયાપોલિસ અમેરિકાના પ્રો. જહોન ક્રોસન, તિરૂપતીના પ્રો. વી. શિવકુમાર કે.ઈ.એમ. હોસ્પિટલ મુંબઈના પ્રો. નિવૃતિ હસે, કિડની ઈન્સ્ટીટ્યુટ, અમદાવાદના પ્રો. પંકજ શાહ તથા પરિષદના અધ્યક્ષ તેમજ નિયામક પ્રો. એચ. એલ. ત્રિવેદી. કુલ ૫૦ વૈજ્ઞાનિકો તથા તજજ્ઞોએ આ સ્પર્ધામાં ભાગ લીધેલ. યંગ ઈન્વેસ્ટીગેટર્સ એવોર્ડમાં રૂા. ૧૦,૦૦૦/– તથા પરીષદ માટે નિ:શુલ્ક પ્રવેશ નોંધણી આપવામાં આવી. આ સન્માનીત યુવાનો હતા કિડની ઈન્સ્ટીટ્યુટના, અમદાવાદના કૃણાલ ગુપ્તે, ડૉ. ઉમંગ ઠક્કર, ડૉ. લવલેશ નિગમ, ડૉ. વિનય કે. એસ., ડૉ. કમલેશ સુથાર, ડૉ. કેયુર પટેલ તથા પી.જી.આઈ. ચંદીગઢના ડૉ. મનિષ રાઠી. તે પછી બીજા વર્ગના વિશિષ્ટ લેખો માટે રૂા. ૫,૦૦૦/– તથા પરિષદમાં નિ:શુલ્ક પ્રવેશ નોંધણી આપવામાં આવી. આ વિજેતાઓ હતા એસ.જી.પી.જી.આઈ. લખનઉના ડૉ. નારાયણ પ્રસાદ, ડૉ. રામનવલ રાવ, તથા બ્રિજેશ યાદવ, શ્રી રામચંદ્ર મેડીકલ યુનિવર્સિટી ચેન્નઈના ડૉ. રમ્યા વરાની તથા કિડની ઈન્સ્ટીટ્યુટ, અમદાવાદના કુ. શ્રુતિ દવે, ચેતન પટેલ તથા ડૉ. વિપુલ પટેલ.



**પ્રો. ત્રિવેદી તથા પ્રો. હરી ગૌતમના વરદ હસ્તે મહર્ષિ સુશ્રુત જ્ઞાનપીઠ સન્માન સ્વીકારતા ડૉ. સીમોન સાકાગૂચિ**



**પ્રો. ત્રિવેદી તથા પ્રો. હરી ગૌતમના વરદ હસ્તે વિકાસશીલ દેશોમાં શ્રેષ્ઠ પ્રત્યારોપણનો સન્માન સ્વીકારતા ટ્યુનિશિયાના ડૉ. એઝેદદીન અબ્દર રહીમ**



**નૃત્યભારતી સંસ્થાની નૃત્યાંગનાઓ પ્રેક્ષકોને અભિભૂત કરતા**

આ સન્માન યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના પૂર્વ અધ્યક્ષ તથા મહાત્મા ગાંધી મેડિકલ યુનિવર્સિટી જયપુરના વર્તમાન ચાન્સેલર ડૉ. હરિ ગૌતમના હસ્તે અપાયા તથા અતિથિ વિશેષમાં હતા પદ્મશ્રી પ્રો. સરોજ ચુરામણી ગોપાલ જેઓ વારાણસી હિન્દુ વિશ્વવિદ્યાલય તથા છત્રપતિ શાહુજી મહારાજ મેડીકલ યુનિવર્સિટી લખનૌના વાઈસ ચાન્સેલર તરીકે સેવા આપી ચુક્યાં છે.

સંમેલનમાં ચર્ચાવાના મુખ્ય વિષયો હતા, દવા વિનાનું પ્રત્યારોપણ, લિવર પ્રત્યારોપણ, સ્ટેમસેલ થેરાપી અને એનું પ્રસ્થાપન, કિડનીદાતાની કિડની આપ્યા પછીના જીવનનો અભ્યાસ, પ્રત્યારોપણની સંખ્યા અને ગુણવત્તા સુધારવાના પ્રયત્નો, ડાયાબિટિસ, બ્લડપ્રેશર અનેક વિવિધ પ્રકારના ચેપો જેવા કિડની પ્રત્યારોપણમાં આવા અવરોધો લાવનાર પરિબળોને રોકવા. આ ઉપરાંત કિડની ઈન્સ્ટીટ્યુટમાં થઈ રહેલ "અમદાવાદ ટોલરન્સ ઈન્ડક્શન પ્રોટોકોલ" અને "રોબોટિક ટ્રાન્સપ્લાન્ટેશન" ની સફળતાને વિશ્વ સમક્ષ મૂકવાનો ઉપક્રમ પણ હતો.

દેશ–વિદેશથી આવેલા આ વિજ્ઞાનીઓ માટે ભારતીય સંસ્કૃતિના દર્શનરૂપ કલાકારશ્રી ચંદન ઠાકોર, નૃત્યભારતીની વિદ્યાર્થીનીઓ દ્વારા ભરતનાટ્યમ અને સ્પેનીશ ફ્યુઝન નૃત્યનો સમન્વય કાર્યક્રમનું આયોજન પણ કરેલ.

**મૃત મસ્તિષ્ક અંગ પ્રત્યારોપણ વિષે માહિતી**

૪૯ વર્ષીય સરકારી શાળાના શિક્ષક શ્રી **દામજીભાઈ મોહનભાઈ દલસાણિયા** : રાજકોટ તાલુકાના જાળિયા ગામના વતની હતા. તા. ૨૧-૧૦-૨૦૧૪ ના રોજ કુટુંબના એક લગ્નપ્રસંગ માટે જવા તૈયાર થતાં તેમને અચાનક ખેંચ આવી અને બેભાન થઈ ગયા. કુટુંબીજનોએ તેમને તાત્કાલિક વોખર્ડ હોસ્પિટલમાં ડૉ. કાન્ત જોગાણીની સારવાર હેઠળ ખસેડવામાં આવ્યા. ત્યાં સી.ટી. સ્કેન કરતાં ખૂબ જ ગંભીર પ્રમાણમાં બ્રેઈન હેમરેજ હોવાની જાણ થઈ. કુટુંબીજનોને આ આઘાતજનક સમાચાર ડૉ. જોગાણી તથા ડૉ. દિવ્યેશ વિરોજાએ આપ્યા. અંતે તેમને બ્રેઈનડેડ જાહેર કરવામાં આવ્યા તથા તેમના કુટુંબીજનોને અવયવદાન માટે સમજાવવામાં આવ્યા. આવી કપરી પરિસ્થિતિમાં પણ કુટુંબીજનોએ અવયવદાનનો મહાન નિર્ણય લઈ સંમતિ આપી. તરતજ આપણને જાણ કરતા આપણી ટીમ અહીંથી રાજકોટ જવા રવાના થઈ. તેમની એક કિડની સુરતના બી.સી.એ. થયેલ ૨૬ વર્ષીય કુ.શ્રી કેવળબેન મુળજીભાઈ કીકાણીને આપવામાં આવી જે આપણી પ્રતિક્ષાયાદીમાં છેલ્લા અઢાર મહિનાથી રાહ જોતા હતા. તેમની કિડની ફેઈલ થવાનું કારણ ક્રોનિક ટ્યુબ્યુલોઈન્ટરસ્ટીસ્યલ નેફ્રાઈટીસ હતું. બીજી કિડની ગુડગાવ, હરીયાણાના ઈન્ડીયા ડ્રગ્સ એન્ડ ફાર્માસ્યુટીકલ્સ લીમીટેડના ડેપ્યુટી જનરલ મેનેજર ૫૭ વર્ષીય શ્રી નરેશભાઈ ક્રિષ્નાતરી ને આપવામાં આવી જેમની કિડની ઓબ્સ્ટ્રક્ટીવ યુરોપેથીને કારણે ખરાબ થઈ ગયેલ તથા છેલ્લા એક વર્ષથી આપણી પ્રતિક્ષાયાદીમાં રાહ જોતા હતા. લિવર હિપેટાઈટીસ-સી વાયરસ સીરોસીસને કારણે ફેઈલ થયેલ ઉંમર ૪૦ વર્ષીય શ્રી અજયભાઈ અશોકભાઈ ખેતાનને આપવામાં આવેલ આ ત્રણે પ્રત્યારોપણો **તા. ૩૧-૧૦-૨૦૧૪**ના રોજ થયા અને ત્રણે દર્દીઓ સ્વસ્થ છે.

**શ્રી હેમેન્દ્રભાઈ શાંતિલાલ નંદુ** : ૬૭ વર્ષીય મૂળ ભૂજના વતની પરંતુ કર્મભૂમિ મુંબઈના કારણે મુંબઈમાં વસેલ. મુંબઈમાં તે સેલ્સટેક્ષ અને ઈન્કમટેક્ષ કન્સલટન્ટનો વ્યવસાય કરતા હતા. થોડા સમય પહેલા મિત્રો તથા પરિવારને મળવા દેશમાં ભૂજ આવેલ હેમેન્દ્રભાઈ સવારે મિત્રના ગામે જતા રાહદારીએ તેમને ટક્કર મારી અને રસ્તા પર તે પડી ગયા. તેમને રસ્તા પર અર્ધ બેભાન અવસ્થામાં પડેલ એક સ્કુટર ચાલકે જોયા. આ સ્કુટર ચાલકે તરત જ પોતાનું સ્કુટર રોક્યુ તેના પર હેમેન્દ્રભાઈને બેસાડ્યા અને કમરથી પોતાની સાથે બાંધી દીધા જેથી તે પડી ન જાય અને તરત જ નજીકના ગામડામાં લઈ ગયા. જ્યાં લોહીની ઉલ્ટીઓ થતા તેમને ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવીને માંડવીની હોસ્પિટલમાં ખસેડ્યા. તેમની નાની બહેન ડૉ. મધુરીબેન નંદુ ભાવનગરમાં ગાયનેકોલોજીસ્ટનો વ્યવસાય કરે છે. હોસ્પિટલમાં સી.ટી. સ્કેન કરતા ખૂબ જ ગંભીર પ્રમાણમાં બ્રેઈન હેમરેજ હોવાની જાણ થઈ. તેથી તેમને ભુજની એકોર્ડ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. આ કુટુંબમાં અવયવદાનની જાગૃતિ પહેલેથી જ હતી. ૩૦ વર્ષ પહેલા તેમના દાદાનું દેહદાન કરવામાં આવેલ અને જ્યારે તેમની માતાનું મૃત્યુ થયું ત્યારે તેમની આંખો અને ચામડીનું દાન સુદ્ધા કરવામા આવેલ. તેમની બહેન ડૉ. મધુરીબહેને ભાઈની ગંભીર પરિસ્થિતિને જોઈને ભાભી અને ભત્રીજાને અવયવદાન માટે પ્રોત્સાહિત કર્યા. હેમેન્દ્રભાઈએ પોતે તો અવયવદાનની ઈચ્છાતો પહેલેથી જ વ્યક્ત કરેલ. આ પરિવારે અવયવદાનનો યજ્ઞ ચાલુ રાખીને દધીચિ ઋષિના દ્રષ્ટાંતને વર્તમાન સમયમાં જીવી બતાવ્યું છે. તેમની બંને કિડની દિલ્હી સ્થિત ૫૯ વર્ષીય શ્રીમતી માયારાણી રામપાલ દહીયાને આપવામાં આવી. જેઓ આપણા આરોગ્ય વિભાગના ડેપ્યુટી સેક્રેટરી તરીકે સેવા બજાવી રહ્યા છે. તેમની કિડની ક્રોનિક ગ્લોમેર્યુલોનેફ્રાઈટીસને કારણે બગડેલ તથા છેલ્લા ચાર-પાંચ મહિનાથી આપણી પ્રતિક્ષાયાદીમાં દાખલ થયેલ. ડૉ. પ્રાંજલ મોદીના હસ્તે થયેલ દુનિયાનું આ પ્રથમ ડ્યુઅલ રોબોટીક પ્રત્યારોપણ, પ્રત્યારોપણના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરોમાં લખાઈ ગયું છે.

**શ્રી મહેશભાઈ ધીરૂભાઈ વાવડિયા** : ૨૭ વર્ષીય, ઈમીટેશન જ્વેલરીના વ્યવસાયમાં મજૂરી કરતા હતા. ૧૦મી નવેમ્બરની કાળમુખી સવારે આજીવિકા માટે નીકળેલ બાઈક સવાર મહેશભાઈ પળભરમાં જ કાળનો કોળિયો બની ગયા. રસ્તાની વચ્ચે દોડતા આવતા નાનકડા બાળકને બચાવવા જતા બાઈકને બ્રેક મારી સંતુલન ખોઈ દેતા રસ્તા પર પડ્યા. માથા ઉપર ખૂબ ગંભીર ઈજાઓ થઈ. તેમને રસ્તા પર બેભાન અવસ્થામાં પડેલ જોઈ રાહદારીઓએ ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી અને તરત જ વોખાર્ડ હોસ્પિટલમાં ખસેડ્યા. ત્યાં સી.ટી. સ્કેન કરતાં બ્રેઈન હેમરેજ હોવાની જાણ થઈ. પરંતુ ઈજા અતિગંભીર હોવાને કારણે અંતે તેમને ડૉ. કાન્ત જોગાણીએ બ્રેઈનડેડ જાહેર કર્યા. ડૉ. દિવ્યેશ વિરોજાએ અવયવદાન માટે કુટુંબીજનોને સમજણ આપતા સંમતિ આપી. ત્યારબાદ આપણી ટુકડી ત્યાં જઈને અવયવો લઈને પરત આવી. એક કિડની અમદાવાદના ૫૩ વર્ષીય શ્રી રોહિતભાઈ ખોડાભાઈ સાંઘાણીને આપવામાં આવી. કિડનીમાં વારંવાર થતી પથરીઓને કારણે તેમની કિડની બગડી ગયેલ. આથી તેમનું પ્રથમ કિડની

પ્રત્યારોપણ ૧૯૯૫માં મુંબઈમાં કરવામાં આવેલ અને માતાએ તેમની એક કિડની આપેલ. પરંતુ ફરીથી કિડની ખરાબ થતા આપણા પ્રતિક્ષાયાદીમાં છેલ્લા ત્રણ વર્ષથી રાહ જોતા હતા. બીજી કિડની નવસારીના વતની ૩૫ વર્ષીય કપડાની દુકાનમાં સેલ્સમેન તરીકે કામકરતા શ્રી આરીફ અબ્દુલભાઈ તાઈને આપવામાં આવી આરીફભાઈએ કિડની કેમ ખોઈ તે સમજાયું નહીં. પરંતુ તેમને જ્યારે જાણ થઈ ત્યારે ખૂબ મોડું થયેલ અને કિડની ફેઈલ થઈ ચૂકેલ. તેઓ છેલ્લા અઢાર મહિનાથી આપણી પ્રતિક્ષાયાદીમાં રાહ જોતા હતા. લિવર સીરોસીસના કારણે ફેઈલ થયેલ ૫૮ વર્ષીય શ્રી નિરૂપમાબેનને આપવામાં આવેલ. જે છેલ્લા દોઢ મહિનાથી આપણી પ્રતિક્ષાયાદીમાં રાહ જોતા હતા. આ ત્રણે પ્રત્યારોપણો **તા. ૧૪-૧૧-૨૦૧૪**ના રોજ થયા અને ત્રણે દર્દીઓ સ્વસ્થ છે.

**શ્રી અલ્કેશભાઈ રતિભાઈ પટેલ** : ૫૧ વર્ષીય, વડોદરાના વતની હતા. તેઓએ લેથ મશીન પર ઘણા વર્ષો સુધી કામ કર્યું. ત્યારબાદ ૨૦૦૪માં લંડન જઈ પરિવારના સારા ભરણ-પોષણ માટે મહેનત કરેલ. ૨૦૧૦માં પરિવાર પાસે પરત ફર્યા પરંતુ તેમને સતત આવતી ખાંસીએ પત્નીને ચિંતામાં મુકી દીધી. ફીઝીશીયનની સલાહ લેતા તેમને ફેફસામાં ફાઈબ્રોસીસ હોવાનું જાણ થઈ. તેમને અવારનવાર ઓક્સિજન આપવાની જરૂર પડતી. પત્નીએ દિલથી તેમની સેવા કરી અને તેઓ પતિને તકલીફ ન પડે તે માટે અથાગ પ્રયત્નો કર્યા અને ઘરમાંજ ઓક્સિજનના બાટલા પણ રાખતા. પરંતુ વિધિના લેખને કોણ ટાળી શક્યુ છે તેમની ઓક્સિજનની જરૂરિયાત વધતી જ ગઈ અને દિવસે ને દિવસે તેમની તબીયત બગડતા આખરે ડૉ. નિર્મિત યાજ્ઞિકના સત્યમ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા જ્યાં તેમને વેન્ટીલેટર પર મુકવામાં આવ્યા. પત્નીએ ખૂબ જ હિંમત રાખી પતિના અવયવોનું દાન કરવાનું નક્કી કર્યું. ડૉ. નિર્મિત યાજ્ઞિક પોતે ડૉ. પ્રાંજલ મોદીના મિત્ર હોવાને કારણે તેમને જાણ કરતા અહીંથી ટીમ વડોદરા માટે રવાના થઈ અને અવયવ લઈને પરત ફરી. તેમની એક કિડની અમદાવાદ સ્થિત કંપની સેક્રેટરીનો અભ્યાસ કરતા ૨૪ વર્ષીય શ્રી ધ્રુવ હિતેન્દ્ર વ્યાસને આપવામાં આવી. ૨૦૦૭માં ધ્રુવની કિડની રીફ્લક્સ નામના રોગને કારણે ખરાબ થયેલ અને માતાએ કિડની આપી નવુ જીવન આપેલ. પરંતુ ૨૦૧૩માં આ કિડની પણ ખરાબ થતા આપણી પ્રતિક્ષાયાદીમાં રાહ જોતા હતા. બીજી કિડની અમદાવાદ સ્થિત હીરાના કારખાનામાં મેનેજર તરીકે કાર્યરત ૩૬ વર્ષીય શ્રી ભાવેશ બાબુભાઈ ભલાલાને આપવામાં આવી. ભાવેશભાઈએ કિડની કેમ ખોઈ તે સમજાયું નહીં. છેલ્લા બે વર્ષથી તેઓ આપણી પ્રતિક્ષાયાદીમાં દાખલ થયેલ. આ બંને પ્રત્યારોપણો **તા. ૧૯-૧૧-૨૦૧૪**ના રોજ થયેલ અને બંને દર્દીઓ સ્વસ્થ છે.

**શ્રી રેજી વર્ઘીસ** : ૪૭ વર્ષીય, રાજકોટના રહેવાસી હતા. તેઓ પ્રાઈવેટ કંપનીમાં મેનેજર તરીકે ફરજ બજાવતા હતા. તા. ૨૦-૦૯-૨૦૧૪ના રોજ સવારના સમયે કામ માટે ઘરેથી મોટરસાઈકલ પર નીકળેલ રેજી વર્ઘીસને એક કાર સાથે અકસ્માત થયો અને તેઓ ગંભીર રીતે ઘાયલ થયેલ. કારચાલક તેમને તાત્કાલિક વોખાર્ડ હોસ્પિટલ લઈ ગયો જ્યાં સી.ટી. સ્કેન કરતાં બ્રેઈન હેમરેજની જાણ થઈ. તેમની બહેન પોતે આ જ હોસ્પિટલમાં કસ્ટમર કેરની ફરજ બજાવે છે. તેમને ભાઈની ગંભીર પરિસ્થિતિનો તરત ખ્યાલ આવી ગયો. ડૉક્ટરની ટીમે અથાગ પ્રયત્નો કરવા છતા શ્રી વર્ઘીસને બ્રેઈનડેડ જાહેર કરવામાં આવ્યા. ડૉ. દિવ્યેશ વિરોજાએ અવયવદાન માટે સમજણ આપતા પત્ની અને બહેને અવયવદાનનો નિર્ણય કર્યો. તેમના અવયવો આપણે ત્યાં લાવવામાં આવ્યા. તેમની એક કિડની વડોદરાના ગૃહિણી ૫૮ વર્ષીય શ્રીમતી રશ્મિબેન રણજીતભાઈ મહેતાને આપવામાં આવી. તેમનું પ્રથમ પ્રત્યારોપણ પણ આપણીજ હોસ્પિટલમાં મૃતમસ્તિષ્ક દાતાના અવયવમાંજ કરવામાં આવેલ. બીજી કિડની અમદાવાદના વતની ૩૧ વર્ષીય શ્રી મિતેષ મહેન્દ્રભાઈ શાહને આપવામાં આવી. પ્રાઈવેટ કંપનીમાં નોકરી કરતા તેઓ અઢી વર્ષથી આપણી પ્રતિક્ષાયાદીમાં રાહ જોતા હતા. અને બંને કિડની ક્રોનિક ગ્લોમેર્યુલોનેફ્રાઈટીસને કારણે ફેઈલ થયેલ. આ બંને પ્રત્યારોપણો **તા. ૨૨-૧૧-૨૦૧૪**ના રોજ થયા અને બંને દર્દીઓ સ્વસ્થ છે.

**શ્રીમતી પુષ્પાબેન ચૌહાણ** : ૫૫ વર્ષીય અમદાવાદના રહેવાસી હતા. ભુજ અદાણી મેડીકલ કોલેજના બાળરોગના તજજ્ઞ ડૉક્ટર હસમુખભાઈ ચૌહાણના પત્ની હતા. તા. ૨૨-૧૧-૨૦૧૪ના રોજ સવારે બાથરૂમમાં અચાનક પડી ગયા તેમની દિકરી જે યુ.એસ.એ.માં સ્થાયી થયેલ છે તે માતા-પિતાને મળવા અમદાવાદ આવેલ અને પાછી તેજ દિવસે તે યુ.એસ.એ. જવા નિકળવાની હતી. તેણે તાત્કાલિક સીમ્સ હોસ્પિટલમાં માતાને સારવાર માટે ખસેડી. દિકરી અમેરિકા જવાની હોવાથી ડૉક્ટર હસમુખભાઈ પણ અમદાવાદ આવવા નિકળી જ ગયા હતા ત્યાં રસ્તામાં તેમને આ દુ:ખદ સમાચાર મળ્યા. સીમ્સ હોસ્પિટલમાં

સી.ટી. સ્કેન કરતા એન્યુરીઝમના કારણે તેમને બ્રેઈન હેમરેજની જાણ થયેલ પુષ્પાબેન પર ઓપરેશન કરવામાં આવ્યું પરંતુ ફરીથી બ્રેઈન હેમરેજ થતા તેમને અંતે બ્રેઈનડેડ જાહેર કરવામાં આવ્યા. પરિવારમાં અવયવદાનની જાગૃતિ હતી જ. તેથી તુરંત તેમણે અવયવદાન કરવાનો નિર્ણય કર્યો. તેમની બંને કિડનીઓ સાબરકાંઠાના વતની ૨૨ વર્ષીય રિદ્ધિબેન સુથારને આપવામાં આવી. જે કોમ્પ્યુટર એન્જીનીયરીંગના છેલ્લા સેમીસ્ટરમાં અભ્યાસ કરતી હતી. તેમની કિડની ક્રોનિક ગ્લોમેર્યુલોનેફ્રાઈટીસને કારણે ફેઈલ થયેલ. તે અઢાર મહિનાથી આપણી પ્રતીક્ષાયાદીમાં રાહ જોતા હતા. કેન્સર તથા સીરોસીસના કારણે લિવર ફેઈલ થયેલ ૫૬ વર્ષીય શ્રી કનૈયાલાલ ઘનશ્યામદાસ કલ્યાણીને લિવર આપવામાં આવેલ. આ બંને પ્રત્યારોપણ **તા. ૦૭-૧૨-૨૦૧૪**ના રોજ થયા અને બંને દર્દીઓ સ્વસ્થ છે.

**શ્રીમતી નસીમબેન બરકતભાઈ વડસારીયા** ૪૩ વર્ષીય, સુરતના ગૃહીણી હતા. તેમના પતિ સરબતના બાટલા વેચીને ઘર સંસાર ચલાવતા. નસીમબેન હંમેશા માથુ દુખવાની ફરિયાદ કરતા તપાસ કરતા જાણ થયેલ કે તેમને બ્રેઈનમાં ગાંઠ હતી. પરંતુ ઈલાજ કરતા કુટુંબ ડરતું હતું તેથી આમજ જીવન ધપાવે રાખ્યું. ૧૯મી ડિસેમ્બરના સવારે અસહ્ય માથું દુખવાની તેમણે ફરિયાદ કરી. ટુંક સમયમાં તેઓ ઉલ્ટીઓ કરવા લાગ્યા અને પછી ખેંચ આવવા લાગી. તેમને એપ્પલ હોસ્પિટલમાં ડૉ. અશોક પટેલની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા અને સાંજ પડતા તો તેઓ બેભાન પણ થઈ ગયા. પરિસ્થિતિ ધીમે ધીમે કથળતી ગઈ અને તેમને મૃતમસ્તિષ્ક જાહેર કરવામાં આવ્યા. કુટુંબને અવયવદાન વિષે સમજાવવામાં આવતા તેઓ તૈયાર થયા અને આપણી ટુકડીને ત્યાં બોલાવવામાં આવી. એક કિડની જામનગરના વતની ૪૨ વર્ષીય ગૃહિણી શ્રીમતી ગીતાબેન દિલીપભાઈ બોરીચાને આપવામાં આવી. અને બીજી કિડની સુરતના ૧૨ કોમર્સનો અભ્યાસ કરતા આરતી જવાહર ભુલચંદાનીને આપવામાં આવી. બંને જણા છેલ્લા અઢી વર્ષથી આપણી પ્રતિક્ષા યાદીમાં હતા. અને ક્રોનિક ગ્લોમેર્યુલોનેફ્રાઈટીસને કારણે કિડની ખોઈ બેસેલ. બંને જણનું પ્રત્યારોપણ **તા. ૨૨-૧૨-૨૦૧૪**ના રોજ થયું અને બંને દર્દીઓ સ્વસ્થ છે.

## રક્તદાન શિબિરો

સંસ્થા નીચે દર્શાવેલ રક્તદાન શિબિરોના કાર્યકરગણ, રક્તદાતા તથા વ્યવસ્થાપકોનો આભાર માને છે.

અમે અપેક્ષા રાખીએ છીએ કે, આવો જ સહકાર તથા રક્તદાનનો અવિરત પ્રવાહ સંસ્થાના કિડની દર્દીઓને મળતો રહે.

(૧) ડૉ. વણીકર ભવન, વિશ્વહિંદુ પરીષદ ઓફિસ, મહાલક્ષ્મી સોસાયટી, પાલડી, અમદાવાદ : આયોજક શ્રી રાજુભાઈ તથા શ્રી જ્વલિત મહેતા, ૪૨ રક્તદાતાઓએ દાન કર્યું. તા. ૦૨–૧૧–૨૦૧૪.

(૨) ગાયત્રી મંદિર રાણિપ, અમદાવાદ : શ્રી વિપુલ પરીખ, ૩૦ રક્તદાતાઓએ રક્તદાન કર્યું. તા. ૦૨–૧૧–૨૦૧૪

(૩) એચ.ડી.એફ.સી. બેન્ક, ગાંધીનગર : આયોજક શ્રી રાજેશભાઈ તથા શ્રી સુનીલભાઈ વેલહાલ, ૮૮ રક્તદાતાઓએ રક્તદાન કર્યું તા. ૦૫–૧૨–૨૦૧૪.

(૪) હોટલ પ્રેસીડેન્ટ, ગાંધીનગર : આયોજક શ્રી રમેશભાઈ મકવાણા, ૮૦ રક્તદાતાઓએ રક્તદાન કર્યું. તા. ૧૪–૧૨–૨૦૧૪.

(૫) કામનાથ મહાદેવ હોલ, મેમનગર, અમદાવાદ : આયોજક શ્રી બાંસીલાલજી ચાંચડ, ૧૮ રક્તદાતાઓએ રક્તદાન કર્યું. તે દિવસે ૨૩૬મો શ્રી રમણ મહર્ષિ પ્રાગટ્ય ઉત્સવ મંદિરમાં ઉજવાતો હતો અને ડૉ. ત્રિવેદી સાહેબને વિશેષ સન્માન તરીકે અનુયાયીઓએ બોલાવ્યા હતા. તા. ૩૦–૧૨–૨૦૧૪

(૬) આલેખ એપાર્ટમેન્ટ, લાડ સોસાયટી, અમદાવાદ : આયોજક શ્રી નવીનચંદ્ર પંડિત, ૯૨ રક્તદાતાઓએ રક્તદાન કર્યું તા. ૦૪–૦૧–૨૦૧૫.

## અભિનંદન

- યુરોપનું પ્રથમ કિ–હોલ લેપ્રોસ્કોપીક કિડની ટ્રાન્સપ્લાન્ટેશન લિવરપુલ, યુ.કે.માં આપણાં ટ્રાન્સપ્લાન્ટ સર્જન ડૉ. પ્રાંજલ મોદીએ તા. ૯ ઓક્ટોબર, ૨૦૧૪ના રોજ સફળ રીતે કર્યું જેની નોંધ બી.બી.સી. સુદ્ધાને લેવી પડી. તેમના સફળતાના સોપાનમાં ડ્યુઅલ રોબોટીક કિડની ટ્રાન્સપ્લાન્ટટેશન નો પણ ઉમેરો તેમણે તા. ૧૦ નવેમ્બરે કરી તથા ગાઈઝ હોસ્પિટલ લંડન, યુ.કે. ની ટીમ પણ આ પદ્ધતિ શીખવા આવેલ.
- ડૉ. પ્રાંજલ મોદીનું સન્માન કેડેવર પ્રત્યારોપણ વિકસાવવા બદલ વડોદરામાં તા. ૨૨ જુન, ૨૦૧૪માં, એરફોર્સ સ્ટેશન જામનગરમાં તા. ૫ ડિસેમ્બર, ૨૦૧૪ તથા સુરતમાં તા. ૨૦ ડિસેમ્બરના રોજ કરવામાં આવ્યું.
- ડૉ. ચિરાગ પટેલ ડી.એન.બી. જેનાઈટો યુરીનરી સર્જરી (યુરોલોજી) માં ડિસેમ્બર–૨૦૧૪માં ઉત્તીર્ણ થયા.
- ડૉ. જાવેદ કાદરી, તૃતીય વર્ષીય રેસીડેન્ટઈન યુરોલોજીને ડૉ. જી.એમ. ફડકે ટ્રાવેલિંગ ફેલોશીપ USICON ૨૦૧૪માં મળી.

## PUBLICATIONS

### Department of Nephrology

1. Renal tubular acidosis: an uncommon cause of bad obstetric history. **Jain SH**, Sainarersh VV, Patel HV, Trivedi HL. J Obstet Gynaecol India. 2014;64(Suppl 1):34-5.
2. Regulatory T-cells support stem cell therapy in safe minimization of immunosuppression in living donor renal transplantation. **Trivedi HL**, Vanikar AV, Patel HV, Kute VB, Dave SD. J Stem Cell Res Ther. 2014; 4(10):1-8.

### Department of Urology

1. Laparoscopic repair of urogenital fistulae: A single centre experience. **Sharma S**, Rizvi SJ, Bethur SS, Bansal J, Qadri S, Modi P. J Min Access Surg. 2014;10(4):180-4.

### Department of Anaesthesia

1. Effect of intraoperative human albumin on early graft function in renal transplantation. **Shah RB**, Shah VR, Butala BP, Parikh GP. Saudi J Kidney Dis Transpl. 2014;25:1148-53
2. Anesthetic management of pediatric with congenital heart disease with pulmonary hypertension. **Singh RD**, Parikh GP, Butala BP. Saudi J Anaesth. 2014;8, Suppl S1:127-8.
3. **Triad of Idiopathic Thrombocytopenic Purpura, Preeclampsia, and HELLP Syndrome in a Parturient: A Rare Confrontation to the Anesthetist.** **Mehta T**, Parikh GP, Shah VR, Case Rep Anesthesiol. 2014;2014:139694.
4. A case of guidewire embolism during central venous catheterization: Better safe than sorry! **Parikh GP**, Shonde S, Shah R, Kharadi N. Indian J Crit Care Med 2014;18:831-3.
5. Diagnostic value of different screening tests in isolation or combination for predicting difficult intubation: A prospective study. **Mehta T**, Jayaprakash J, Shah V. Indian J Anaesth 2014;58:754-7.
6. Successful recovery from iatrogenic severe hypernatremia and severe metabolic acidosis resulting from accidental use of inappropriate bicarbonate concentrate for hemodialysis treatment. **Bhosale GP**, Shah VR. Saudi J Kidney Dis Transpl 2015;26:107-10.

### Department of Pathology, Lab Medicine, Transfusion Services and Immunohematology

1. Membranous nephropathy with MPO-ANCA-associated crescentic GN. **Kanodia KV**, Vanikar AV, Patel RD, Suthar KS, Nigam L, Kute VB, Trivedi HL. Nephro-Urology Monthly. 2014; 6(6): e20701.
2. Diagnosis and management of atypical hemolytic uremic syndrome in children: single centre experience. **Patel RD**, Vanikar AV, Gumber MR, Kanodia KV, Suthar KS, Patel HV, **Trivedi HL**. Indian J Hematol Blood Transfus. 2014;30(4):342-346.
3. T-regulatory cells: the recently recognized players of immunomodulation. **Vanikar AV**, Trivedi HL. J Stem Cell Res Ther 2014; 4(10):1-6.

### Department of Stem Cell Therapy and Regenerative Medicine

1. **Treatment of a Type-1 diabetic adolescent male with mitral valve prolapse with his mother's insulin secreting adipose tissue derived mesenchymal stem cells and bone marrow derived haematopoietic stem cells.** **Thakkar UG**, Vanikar AV, Trivedi HL, Dave SD. Sri Lanka Journal of Child Health, 2014; **43**(4): 231-233.

### Department of Gastrointestinal Surgery & Liver Transplantation

1. De Novo Esophageal Carcinoma in Post-liver Transplant Patient. **Tank AH**, Sutariya VK, Modi PR. Int J Organ Transplant Med. 2014;5(4):175-177.
2. **Impacted Mechanical Lithotripter Basket with Broken Traction Wires and Retained Stone after Endoscopic Retrograde Cholangiopancreatography: Case Report.** **Sutariya VK**, Tank AH. **RJPBCS 2014;5(4):52-53.**

## CONFERENCE PARTICIPATION

### Department of Pathology, Lab Medicine, Transfusion Services and

Immunohematology

25th Annual Conference of Indian Society of Organ Transplantation, Aurangabad from 30-31 Oct, 01 Nov 2014.

- Stem cell therapy in renal transplantation: Past, present and future. **Vanikar AV.**

38th Annual Conference of Gujarat Association of Pathologists & Microbiologists (GAPM), Gandhinagar (Ahmedabad) 29th - 30th Nov 2014.

- Diabetes Mellitus: Current Understanding And Newer Insights Into "Causation To Cure" **Vanikar AV.**
- Nondiabetic Renal Diseases In Diabetes Mellitus – **Kanodia KV.**

ISNCON, Koklata, from 18-21, December 2014

- **Diabetes Mellitus: Management and Role of stem cell therapy: Vanikar AV.**

Transplantation Update 2015 at IKDRC-ITS, Ahmedabad from 9th to 11th January, 2015

Oral Session:

Department of Nephrology and Transplantation Medicine

- **Oration: Regulatory T Cells, the New Players in Transplantation Tolerance. Trivedi HL**
- Renal transplantation in HCV Positive patients: IKDRC-ITS experience. **Shah PR**
- Increasing Access to Kidney Transplantation: The Indian Single Center Experience with Kidney Paired Donation. **Kute VB**
- Secondary Amyloidosis. **Kute VB**
- Immunosuppression: Which is the Best Option. **Patel HV**

Department of Pathology, Lab Medicine, Transfusion Services and Immunohematology

- Early Experience With Thymic And Portal Co-Infusion Of Donor Adipose-Derived Mesenchymal, Hematopoietic And Insulin Secreting Cells Pre-Transplant And Regulatory T-Cells Post-Transplant In Chronic Renal Failure Due To Diabetic Nephropathy. **Vanikar AV**
- Ahmedabad Induction Protocol Renders Safe and Stable Long-Term Renal Allograft Function on Minimum Immunosuppression. **Vanikar AV**
- Pathology of Antibody Mediated Injury. **Kanodia KV.**
- Stem Cells: A Perspective From In Vitro Generation: Our Experience. **Dave SD**

Department of Urology and Transplantation Surgery

- Vaginal Insertion of Kidney Followed By Laparoscopic and Robotic Assisted Laparoscopic Kidney Transplantation. **Modi PR**
- Simultaneous Combined Liver-Kidney Transplant for Type-1 Primary Oxalosis. **Modi PR**
- Institutional Experience of Dual Kidney Transplant From Expanded Criteria Deceased Donors. **Rizvi SJ**

Department of Anaesthesia and Critical Care

- Post Liver Transplant Care. **Bhosale G**

Department of Radiodiagnosis and Imaging

- Pulmonary Infections on Post Renal Transplant Patients: Role of HRCT. **Gandhi S**

Young Investigators Awards:

1. In-Vitro Generation of IL-10 Secreting B-Regulatory Cells from Donor Adipose Tissue Derived Mesenchymal Stem Cells and Recipient Peripheral Blood for Potential Cell Therapy: An Initial Experience. **Gupte: KS**
2. Co-Infusion Of Insulin-Secreting Adipose Tissue Derived Mesenchymal Stem Cells And Hematopoietic Stem Cells Along With CD4+CD25highCD127low forkheadBox P3 (Foxp3+)T-Regulatory Cells: Preliminary Experience For Treatment Of Type-1 Diabetes Mellitus. **Thakkar UG**
3. Adjuvant Stem Cell Therapy With Living Donor Renal Transplantation Offers Better Outcome In Lupus Nephritis With Chronic Renal Failure As Compared To Conventional Transplantation. **Nigam LK**
4. Evaluation of Renal allograft biopsies of Ahmedabad tolerance induction protocol patients and comparison with non-protocol patients. **Vinay KS**
5. Clinico-pathological evaluation of BK Virus Nephropathy in Renal Transplantation - A Single Centre Experience. **Suthar KS**

6. Infusion of in vitro generated regulatory T-Cells help in safe minimization of immunosuppressant in kidney transplantation: Initial Experience. **Patel KK**

Abstracts of Distinction

1. Assessment of Antigenic-Specificity of in Vitro Generated Mesenchymal Stem Cells Derived Allogeneic Regulatory-T cells. **Dave SD**
2. Living Donor Renal Transplantation with Adjuvant Stem Cell Therapy Offers Better Outcome in Chronic Renal Failure Due to Primary Focal Segmental Glomerulosclerosis than Transplantation without Stem Cell Therapy. **Patel V**

Poster of Distinction

1. Evaluation of effect of supplementary L-glutamine and Non-essential amino acids on in-vitro generation of adipose tissue derived mesenchymal stem cells. **Patel CN**

## દાનની વિગત

| દાતાશ્રીનું નામ | રકમ (રૂા.) |
|---|---|
| કીફ્સ સીક્યુરીટી પ્રા. લિ. | ૧૧૧૧૧૧૧ |
| મેટકેમ કોર્પોરેશન | ૫૦૦૦૦૦ |
| શાંતિ ઈન્ટરનેશનલ | ૫૦૦૦૦૦ |
| શ્રી સુરેશચંદ્ર દેવીસહાય બજાજ | ૫૦૦૦૦૦ |
| શ્રી આનંદસ્વરૂપ દેવીસહાય બજાજ | ૫૦૦૦૦૦ |
| શ્રી હરેન પુરસોત્તમદાસ શાહ | ૫૦૦૦૦૦ |
| શ્રી વી. કે. પરમાર | ૧૫૧૦૦૦ |
| શ્રી અમૃતલાલ જી. ત્રિવેદી | ૧૫૧૦૦૦ |
| શ્રી અરૂણકાંત મગનલાલ દોશી | ૧૫૦૦૦૦ |
| શ્રી જીગ્નેશ બળદેવભાઈ પટેલ | ૧૩૫૦૦૦ |
| શ્રી હરેશ જમનાદાસ નીમાવત | ૧૦૦૦૦૦ |
| શ્રી મહેશ ચીનુભાઈ શાહ | ૧૦૦૦૦૦ |
| કુમુદ કે. મહેતા | ૧૦૦૦૦૦ |
| અનિલ એસ. શાહ (એચ.યુ.એફ.) પ્રો. સ્મૃતિ એજન્સી | ૧૦૦૦૦૦ |
| શ્રી નટવરલાલ એમ. શાહ | ૧૦૦૦૦૦ |
| શ્રી નિરૂપમા એન. વ્યાસ | ૯૦૦૦૦ |
| શ્રી છનાલાલ કેશવલાલ પંચાલ | ૬૧૦૦૦ |
| સીમાબેન જયંતિલાલ ભાલાની | ૫૧૦૦૦ |
| શ્રી તુષાર જે. અંજારીયા | ૫૧૦૦૦ |
| ધનલક્ષ્મીબેન સી. શાહ | ૫૦૦૦૦ |
| શ્રી વી. એમ. હિંગોરાની | ૫૦૦૦૦ |
| સ્વાતિ કે. વૈદ્ય | ૫૦૦૦૦ |
| શ્રી અનિલભાઈ નવનીતલાલ પરીખ | ૫૦૦૦૦ |
| શ્રી ચંદ્રવદન શાંતિલાલ શાહ | ૫૦૦૦૦ |
| | ૫૦૦૦૦ |
| રૂા. ૫૦૦૦૦/- થી ઓછું દાન | ૧૦૪૧૭૫૨ |
| **ટોટલ** | **૬૨૯૨૮૬૩** |

**કિડની ઈન્સ્ટિટ્યુટની સહાયતા માટે પરમ આદરણીય મોરારીબાપુને પાવન કંઠે શ્રી રામકથા તા. ૨૪ જાન્યુઆરી થી તા. ૧ ફેબ્રુઆરી, ૨૦૧૫ આ કથાની શુભ ક્ષણોનું સ્મરણ હવે પછીના અંકમાં.....**

## કિડની ઈન્સ્ટિટ્યુટને દાન ૧૭૫ ટકાની કરરાહતનું વરદાન

ડૉ. એચ. એલ. ત્રિવેદી જેવા આ સમયના તપસ્વી ઋષિ સમાન ડૉક્ટર-સંશોધકની નિશ્રામાં વિશ્વનું એક અનોખું આરોગ્યધામ બની રહેલી આ સંસ્થામાં પ્રત્યેક દર્દીને ઉત્તમમાં ઉત્તમ સારવાર મળવાની સાથોસાથ આર્થિક રીતે અસહાય એવા હજારો દર્દીઓને ફીમાં એમની સ્થિતિ-જરૂરિયાત અનુસાર ૨૫ કે ૫૦ ટકાથી માંડીને ૧૦૦ ટકા સુધીની રાહત આપવામાં આવે છે. આ પરંપરાને નિભાવવા માટે ઉભી થતી આર્થિક જરૂરિયાતોને પહોંચી વળવા ઉપરાંત સંશોધનના ઉમદા હેતુ માટે આપને આર્થિક સહયોગ આપવા-અપાવવા માટે અમે નમ્રતાપૂર્વક અપીલ કરીએ છીએ. ઈન્કમટેક્સની કલમ ૩૫ (i)(ii) અન્વયે ૧૭૫ ટકા (નોકરીયાતને ૧૦૦ ટકા) કર રાહતનો લાભ મળે છે.

**ચેક/ડ્રાફ્ટ આઈકેડીઆરસીના નામે અને કિડની ઈન્સ્ટિટ્યુટના સરનામે મોકલવા વિનંતી.**

બુક - પોસ્ટ
પ્રિન્ટ મેટર


**શ્રીમતી ગુલાબબેન રસિકલાલ દોશી અને શ્રીમતી કમલાબેન મફતલાલ મહેતા**
**ઈન્સ્ટીટ્યુટ ઓફ કિડની ડિસીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર**

**ડૉ. એચ. એલ. ત્રિવેદી**
**ઈન્સ્ટીટ્યુટ ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સીઝ**
સિવીલ હોસ્પિટલ કેમ્પસ, અસારવા, અમદાવાદ - ૩૮૦ ૦૧૬, ભારત
ફોન : ૯૧-૭૯-૨૨૬૮૭૦૦૦, ૨૨૬૮૫૭૦૦ ફેક્સ : (૦૭૯) ૨૨૬૮૫૪૫૪
e-mail : ikdrcad1@sancharnet.in www.ikdrc-its.org